# Bharat Parenterals Limited

**Registered Office & Works:**
Survey No.: 144-A, Jarod-Samlaya Road, Vill. Haripura,
Ta. Savli, Dist. Vadodara - 391520 (Guj.) India.
Mobile : 99099 28332
E-mail: info@bplindia.in, Web.: www.bplindia.in
CIN NO: L24231GJ1992PLC018237
(WHO-GMP CERTIFIED ★ STAR EXPORT HOUSE)


Date: - 07th November, 2024

To,
BSE Limited
Phiroze Jeejeebhoy Towers,
Dalal Street, Fort,
Mumbai –400 001

Scrip Code: 541096

Dear Sir / Madam,

**Sub: Newspaper Advertisement: - Disclosure under Regulation 30 and 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 ("Listing Regulation")**

In continuation to our letter dated 06th November, 2024 regarding the Postal Ballot Notice, please find enclosed the copies of the newspaper advertisement confirming dispatch of the notice.

Pursuant to Regulation 30 and 47 of the Listing Regulation, we enclose herewith a copy of newspaper Advertisement published in Business Standard (English Newspaper) and Vadodara Samachar (Gujarati) on 07th November, 2024 informing to the members of the Company regarding the Notice of Postal Ballot of the Company. This will also be hosted on the company's website at https://www.bplindia.in/.

The copies of the same are enclosed herewith for your information and records.

**For Bharat Parenterals Limited**

BHARAT PARENTERALS LIMITED VADODARA

**Krutika Bhattbhatt**
**Company Secretary & Compliance officer**

### વાવ બેઠક પર પેટા ચૂંટણીનો ત્રિપાંખિયો જંગ

# ભાજપનો જ નહીં, પાટીલનો પાવર ઉતારવાનો છે : માવજી પટેલ

● વાવ, તા.૬

બનાસકાંઠાની વાવ બેઠક પર પેટાચૂંટણીનો ત્રિપાંખિયો જંગ જામ્યો છે. ભાજપના ઉમેદવાર સ્વરૂપ ઠાકોર, કોંગ્રેસના ગુલાબસિંહ રાજપૂત અને અપક્ષ ઉમેદવાર માવજી પટેલ વચ્ચે રસાકસીભરી ચૂંટણી યોજાવવા જઈ રહી છે. બળવો કરી અપક્ષ ઉમેદવારી નોંધાવનારા માવજી પટેલ હવે પાટીલ સાથે આરપારની લડાઈ લડવાના મૂડમાં છે. પ્રચાર વખતે માવજી પટેલે જાહેરમાં કહ્યું કે, મારે ભાજપનો જ નહીં, સી.આર. પાટીલનો પાવર ઉતારવો છે. તેમણે ચિમકી પણ આપી કે, હું ભાજપનો સૈનિક હોવા છતાંય ભાજપે મારી અવગણના કરી છે. પણ ભાજપને આ બધુંય ભારે પડશે. આ તરફ, ભાજપે વાવ બેઠક જીતવા મંત્રી-નેતાઓની ફોજ ઉતારી દીધી છે.

વાવ બેઠક પર ભાજપ, કોંગ્રેસ અને અપક્ષ ઉમેદવાર પૂરજોશમાં પ્રચાર કરી રહ્યાં છે. ચૂંટણી જીતવા બધાયે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. બળવાખોર અને અપક્ષ ઉમેદવાર માવજી પટેલ શક્તિ પ્રદર્શન કરી ભાજપ પર નિશાન સાધી રહ્યાં છે. માવજી પટેલે જાહેર સભામાં ગૃહમંત્રી હર્ષ સંઘવી પર ટોણો માર્યો કે, સચિવાલયમાં ગૃહમંત્રીને મળવું હોય તો એપોઈટમેન્ટ લેવી પડે. ગૃહમંત્રીને મુલાકાતીઓને મળવાનો સમય પણ નથી. આજે પેટાચૂંટણી આવી છે ત્યારે ગૃહમંત્રી ઘેર ઘેર ફરી રહ્યાં છે અને મત માંગી રહ્યાં છે. આ સત્ય અને અસત્યની લડાઈ છે. જયારે જયારે ચૂંટણી આવી છે. ઉમેદવારોને જીતાડવા ભાજપના પડખે ઉભા રહ્યાં છીએ પરંતુ વાવની બેઠક પર ટિકિટની વહેંચણીનો વારો આવ્યો ત્યારે પાટીલ સાહેબે તો હાથ જ ઊંચા કરી દીધા. એટલુ જ નહીં. એવુ કહી દીધું કે, દિલ્લીથી રત્નાકરને વાવની જવાબદારી સોંપાઈ છે તો નિર્ણય પણ એ જ લેશે. સરપંચે પણ મોવડી મંડળને કહ્યું કે, માવજીભાઈને ટિકિટ આપો, અમે કાગળિયા તેમના હાથમાં પકડાવી દીધા પણ, જાણે રત્નાકર ભગવાન હોય તેવી રીતે તેમણે બધુ નક્કી કરી નાખ્યું.

માવજી પટેલે એ વાતનો ઉલ્લેખ કર્યો કે, ભાજપ એક ટિકિટ હારે કે જીતે તેને કંઈ જ ફરક પડતો નથી. ભાજપ પાસે ૧૬૨ બેઠક છે એટલે વજન વધી ગયુ છે. ભાજપમાં કોઈ બોલવાવાળુ જ નથી. હું તો દરેક ધારાસભ્યને કહું છું કે આવો આગળ ને બોલો. કોઈ ઘરમાં વહુનું સાસુ, નણંદ, દેરાણી કે કોઈ ના સાંભળે તો ત્યારે વહુએ જાતે જ નિર્ણય લેવો પડે છે. એ જ રીતે મારુ પણ ભાજયમાં કોઈએ સાંભળ્યું નહી. આ કારણોસર તો અંતે મારે નાછૂટકે મેદાને ઉતારવું પડયું. આ તરફ ભાજપે મુખ્યમંત્રી સહિત ગૃહમંત્રી ઉપરાંત કેબિનેટ-રાજ્યકક્ષાના મંત્રીઓને ચૂંટણી મેદાને ઉતાર્યા છે. કોંગ્રેસ પણ ભાભરમાં પ્રદેશ નેતાઓની ઉપસ્થિતીમાં શક્તિ પ્રદર્શન કર્યું હતું. ગેનીબેન ઠાકોરે તો ગૃહમંત્રીને આડે હાથે લઈ કહ્યું કે, ગૃહમંત્રીને વાવ બેઠકની ભૂગોળની ય ખબર નથી. આમ, પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે.

### પાનની દુકાને ફાયરિંગમાં યુવાનનું મોત નિપજ્યું

# જોરાવરનગરમાં મોડી રાત્રે પાનની દુકાને ફાયરિંગ

● સુરેન્દ્રનગર, તા.૬

જોરાવરનગર વિસ્તારમાં આવેલી પાનની દુકાનના માલિક પર ચારથી પાંચ શખ્સોએ ફાયરિંગ કરતાં યુવાનને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ મામલે જોરાવરનગર પોલીસે હત્યા અંગેનો ગુનો નોંધી વધુ તપાસની કામગીરી હાથ ધરી છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં ફરી એક વાર નવા વર્ષની લોહીયાળ શરૂઆત થઈ છે. સુરેન્દ્રનગર શહેરના જોરાવરનગર વિસ્તારમાં મોડી રાતના સમયે ફાયરિંગના બનાવમાં એક યુવકનું મોત નિપજ્યું હતું. જોરાવરનગર મેઈન બજારમાં આવેલ મયુર પાન પાર્લરની દુકાને રાત્રીના સમયે ચારથી પાંચ શખ્સો ધસી આવ્યા હતા અને પાન પાર્લરના માલિક જીતુભા ગોહિલ પર અંદાજે બે રાઉન્ડ ફાયરિંગ કરતાં જીતુભાને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે સુરેન્દ્રનગર હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતાં. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું.

જોરાવરનગર મેઈન બજારમાં ફાયરિંગ કરી હત્યાના બનાવને લઈને વેપારીઓ અને આસપાસના રહીશોમાં ભય સાથે ફફડાટની લાગણી ફેલાઈ હતી. ફાયરિંગનો ભોગ બનેલા જીતુભા ગોહિલે ગયા વર્ષે ફટાકડાનો સ્ટોલ કર્યો હોય અને વનરાજભાઈ કાળુભાઈ ખાચરને બાકીમાં ફટાકડા આપ્યા હતા. આ બાકી રૂપિયાની ઉઘરાણી કરવા મામલે વનરાજભાઈ ખાચર સહિતના કુલ પાંચ જેટલા શખ્સોએ ફાયરિંગ કરી જીતુભાની હત્યા કરી નાંખી હોવાનું જીતુભાના પરિવારજનો જણાવી રહ્યાં છે.

જ્યારે બનાવ અંગે જાણ થતાં ડીવાયએસપી સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને હત્યા અંગેનો ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી આરોપીને ઝડપી લેવા તપાસ હાથ ધરવામાં આવી છે. હત્યામાં કુલ કેટલા શખ્સો સંડોવાયેલા છે, તેમજ કુલ કેટલા રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું, તે સહિતની બાબતો અંગે પોલીસ તપાસ બાદ જ વધુ વિગતો બહાર આવે તેવી શક્યતાઓ છે. હાલ પોલીસે અલગ અલગ ટીમો બનાવી આરોપીને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

### ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે ઘટાડો થયો

# દાહોદ જીલ્લામાં ગયા વર્ષ પ્રમાણે ૮૫ વાહન અકસ્માતોમાં ઘટાડો થયો

● દાહોદ, તા.૬

દાહોદ જિલ્લા પોલીસે માર્ગ અકસ્માતના બનાવો સંદર્ભે ગંભીરતાપૂર્વક મલ્ટી ડાયમેન્શનલ એનાલિસીસ કરી માર્ગ અકસ્માતમાં ઘટાડો કરવા માટે સંવેદનશીલ કામગીરી કરી છે. જેને પરિણામે દાહોદ જીલ્લામાં ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે ૮૫ વાહન અકસ્માતોમાં ઘટાડો થયો છે, એટલુ જ નહિ, ૬૯ માનવ જીવન બચાવવામાં સફળતા મળી છે. ટ્રાફિક અવેરનેસ, ડ્રંક એન્ડ ડ્રાઈવ, હેલ્મેટ-સીટ બેલ્ટ સહિતની ખાસ ડ્રાઈવ ઉપરાંત ડ્રોન કેમેરાના ઉપયોગથી અસરકારક ટ્રાફિક મેનેજમેન્ટની પ્રશંસનીય કામગીરી માટે દાહોદ જિલ્લા પોલીસ વડા રાજદીપસિંહ ઝાલા અને તેમની સમગ્ર ટીમને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ અભિનંદન પાઠવ્યા છે.

લોકોમાં ટ્રાફિક આવેરનેસ લાવવાની સાથોસાથ રોડ એન્જીનીયરિંગ અને પોલીસ એન્ફોર્સમેન્ટ કામગીરી પર વિશેષ ભાર મુકવામાં આવ્યો. જેમાં અગાઉના ૧૦ વર્ષમાં સર્જાયેલ માર્ગ અકસ્માતોનું મેપિંગ કરીને સુધારા યોગ્ય રોડ એન્જિનિયરીંગના ટૂંકા ગાળાના અને લાંબા ગાળાના સુધારાઓ સૂચવવામાં આવ્યા હતા.

દાહોદ જિલ્લામાંથી પસાર થતા ધોરી માર્ગો ઉપર સર્જાતા ગંભીર અકસ્માતો અટકાવવા માટે જીલ્લામાં ફાળવેલી ઈન્ટરસેપ્ટર વાન દ્વારા હાઈવે પેટ્રોલીંગ રાખી સ્પીડ ગનના માધ્યમથી હેલ્મેટ, ઓવર સ્પીડ, રોંગ સાઈડના કેસ ઉપરાંત બ્રેથ એનલાઈઝરની મદદથી ડ્રંક એન્ડ ડ્રાઈવના મહત્તમ કેસ કરવામાં આવ્યા છે. તેની સાથોસાથ જિલ્લાના સીસીટીવી નેટવર્ક એવા નેત્રમ મારફતે વધુમાં વધુ ઈ-ચલણના કેસ કરવામાં આવી રહ્યા છે. જેનાથી ટ્રાફિક સબંધી ગુન્હાઓ, ટ્રાફિક પેટર્ન, ડ્રાઈવિંગ બિહેવીયર, રોંગ સાઈડ સ્પોટ, રાત્રે બ્લેક સ્પોટ આઉટ કરવા સહિતની વિશેષ કામગીરી કરવામાં આવી. બીજી તરફ દાહોદ જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં દાહોદ પોલીસ દ્વારા સેમીનાર, રેલી તેમજ પેમ્ફલેટ વિતરણ કરી ટ્રાફિક અંગે જનજાગૃતિ લાવવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે.

દાહોદ જીલ્લા પોલીસ દ્વારા વર્ષ-૨૦૨૪માં સપ્ટેમ્બર માસ સુધીમાં ઓવર સ્પીડના ૧૫,૦૬૫ કેસો, રોંગ સાઈડ ડ્રાઈવીંગના ૧૩,૭૩૨ કેસ, રશ ડ્રાઈવીંગના ૧૫૩૮ કેસ અને ડ્રંક એન્ડ ડ્રાઈવના કેસ કરીને ટ્રાફિક નિયમનનું અસરકારક અમલીકરણ કરવામાં આવી રહ્યુ છે.

દાહોદ જિલ્લા પોલીસ, વહીવટી તંત્ર તેમજ દાહોદ આર.ટી.ઓ વિભાગ દ્વારા કરવામાં આવેલી આ અસરકારક કામગીરીને પરિણામે વર્ષ-૨૦૨૪માં માર્ગ અકસ્માતના બનાવોમાં નોંધપાત્ર ૮૫ બનાવોનો ઘટાડો લાવવામાં સફળતા મળી છે. ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે અકસ્માતના બનાવોમાં થયેલા ઘટાડા સાથે દાહોદ પોલીસ કુલ ૬૯ માનવ જીવન બચાવી શકી છે.

### સફાઈ કામદારે બનાવી હવસનો શિકાર

# રાજકોટમાં સંબંધો શર્મસાર, ૭ વર્ષની બાળકી પર દુષ્કર્મ

● રાજકોટ, તા.૬

રાજકોટમાં દિવાળીના તહેવાર પર માનેલા ભાઈએ બહેનની ૭ વર્ષની પુત્રી સાથે દુષ્કર્મ આચરતાં મામા-ભાણેજના સબંધ લજવ્યાં હતાં. દુષ્કર્મનો બનાવ સામે આવત ખળભળાટ મચી ગયો હતો. યુનિ. રોડ પર રહેતી મહિલાએ ફરીયાદ નોંધાવતા પોલીસે દુષ્કર્મની કલમ હેઠળ ગુનો નોંધી આરોપી દિલીપ ચૌહાણ નામના શખ્સની ધરપકડ કરી હતી.

બનાવ અંગે યુનિવર્સિટી રોડ પર રહેતી મહિલાએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે દિલીપ મધુ ચૌહાણ (રહે. રાજકોટ) નામના શખ્સનું નામ આપતાં યુની. પોલીસે દુષ્કર્મ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેણીના પતિનું બે વર્ષ પહેલાં અવસાન થયેલ છે. હાલ તે તેની ૭ વર્ષની પુત્રી સાથે રહે છે. તે યુનિ. રોડ પર આવેલ કિડની હોસ્પિટલમાં સફાઈ કામદાર તરીકે નોકરી ચાર વર્ષથી કરે છે. તેમની સાથે આરોપી દિલીપ ચૌહાણ પણ સફાઈ કામદાર તરીકે નોકરી કરતો હોય જેથી બંને પરીચયમાં આવ્યાં હતાં અને બાદમાં બંને વચ્ચે ભાઈ-બહેનના સબંધ બંધાતા તેણીએ તેને ધર્મનો ભાઈ બનાવી રાખડી પણ બાંધતી હતી. બાદમાં તેમના પતિનું અવસાન થયું હતું. જઉ બાદ તેણીની સગીર પુત્રી પણ ક્યારેક ક્યારેક હોસ્પિટલે સાથે આવતી હતી. જેથી આરોપી અને તેની પુત્રીની ઓળખાણ થઈ હતી અને મામા-ભાણેજ ઓળખતા થયાં હતાં. તે દરમિયાન આરોપી એક-બે વખત તેમની ઘરે જમવા પણ આવ્યો હતો. જે બાદ ગઈ તા.૪ ના ફરિયાદી તેમના ઘરે પહોંચી ત્યારે ત્યાં એક કેન પડ્યું હતું. જેથી તેણીએ કેન વિશે પુત્રીને પૂછતાં ભાંગી પડેલ સગીરાએ રડતી આંખે જણાવ્યું હતું કે, આરોપી દિલીપે તું ઘરે ન હતી ત્યારે ઘરમાં ઘસી આવી ધરારીથી દુષ્કર્મ આચર્યું હતું. ઉપરાંત થોડાં દિવસ પહેલાં પણ બળજબરી કરી દુષ્કર્મ કરી કોઈને વાત ન કહેવા ધમકી આપી હતી.પુત્રી સાથે બનેલ બનાવની વાત સાંભળતાં તેમની નીચેથી જમીન સરકી ગઈ હતી અને પોતે પુત્રી સાથે પોલીસ મથકે પહોંચી ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી યૂની. પોલીસે ગુનો નોંધી પીઆઈ કે. જે.કરપડા અને ટીમે આરોપી દિલીપ ચૌહાણની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

### લાભ પાંચમના શુભ મુહૂર્ત પર શરૂઆત કરી

# સુરતના વેપારીઓએ પૂજા-અર્ચના કરી વ્યાપાર-ધંધાની શરૂઆત કરી

● સુરત, તા.૬

બુધવારે લાભ પાંચમના શુભ મુહૂર્ત પર સુરતના રીંગરોડ વિસ્તારમાં આવેલી ટેક્સટાઈલ માર્કેટની દુકાનના વેપારીઓ દ્વારા દુકાનો ખોલી નવા વર્ષની નવા ધંધા વેપારની શરૂઆત કરી હતી. આગામી નવું વર્ષ વેપારીઓ માટે લાભદાયી અને મંગળકારી નીકળે તેવી આશા અપેક્ષા વેપારીઓએ વ્યક્ત કરી હતી. દિવાળી નિમિત્તે વેપારીઓને આ વર્ષે સારો વેપાર મળતા વેપારીઓએ ખુશી વ્યક્ત કરી હતી. જ્યાં આગામી લગ્ન સિઝન દરમ્યાન સારા વેપારની આશા પણ વેપારીઓએ સેવી છે.

સુરતના રીંગ રોડ વિસ્તારમાં આવેલી ૭૦,૦૦૦ થી વધુ દુકાનો આજથી ફરી ધમધમતી થઈ છે. દિવાળી, નવા વર્ષ અને ભાઈબીજ ના કારણે દુકાનો બંધ રહી હતી. જે દુકાનો આજે લાભ પાંચમના શુભ મુહૂર્ત પર ફરી શરૂ થઈ ચૂકી છે. આજે લાભ પાંચમના શુભ મુહૂર્ત પર વેપારીઓએ હિન્દુ સંસ્કૃતિ મુજબ દુકાનમાં પૂજા-અર્ચના કરી ધંધા વેપારની નવેસરથી શરૂઆત કરી હતી.

વેપારીઓએ સૌપ્રથમ તો દુકાનમાં સાફ-સફાઈ બાદ શુભ મુહૂર્તમાં પૂજા-અર્ચના કરી હતી. આ સાથે જ પરમ કૃપાળુ પરમાત્માને વર્ષભર વેપાર સારો રહે તેવી પ્રાર્થના અને કામના કરી હતી. આ પ્રસંગે વેપારીએ જણાવ્યું હતું કે,' દિવાળીમાં વેપાર ખૂબ જ સારો રહ્યો હતો. હવે નવેસરથી ધંધા વેપારની શરૂઆત કરવામાં આવી છે.બુધવારે લાભ પાંચમના શુભ મુહૂર્ત પર દુકાનો ફરી શરૂ કરવામાં આવી છે. આગામી દિવસોમાં લગ્ન સિઝન આવી રહી છે. જેના કારણે અલગ અલગ રાજ્યોમાંથી પણ ડિમાન્ડ નીકળવાની છે. જ્યાં લગ્ન સીઝન દરમ્યાન સારો વેપાર રહેવાની આશા છે. આ વર્ષ વેપારીઓ માટે લાભદાયી અને મંગળકારી નીકળે તેવી ઈશ્વરને પ્રાર્થના કરી છે'.

### ગરીબોના હકના અનાજનું બારોબાર વેચાણ

# રાશનની દુકાનના ૨૦ કાળાબજારિયા સામે કાર્યવાહી

● પંચમહાલ, તા.૬

પંચમહાલ જિલ્લા પુરવઠા વિભાગે અનાજ વિતરણ વ્યવસ્થામાં ગેરરીતિ આચરનાર સસ્તા અનાજના દુકાનદારો સામે સપાટો બોલાવ્યો હતો. જિલ્લાની ૧૪ સસ્તા અનાજની દુકાનના પરવાના કાયમી રદ કરવામાં આવ્યા છે. તેમજ ૬ સસ્તા અનાજની દુકાનનો પરવાનો ૯૦ દિવસ માટે મોકૂફ કરવામાં આવ્યો છે. આ સિવાય રદ અને મોકૂફ કરાયેલા તમામ દુકાનદારોને ૩૨,૬૧,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.પંચમહાલ જિલ્લામાં ગરીબ લાભાર્થીઓના હક્કનું અનાજ બારોબારો વેચી કાળા બજારી કરનાર અને અનાજ વિતરણ વ્યવસ્થામાં ગેરરીતિ આચરનાર સસ્તા અનાજના દુકાનદારો સામે જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા ફરી એકવાર લાલ આંખ કરવામાં આવી છે. થોડા સમય પહેલાં જિલ્લા પુરવઠા અધિકારી એચ. ટી. મકવાણા તેમજ પુરવઠા વિભાગની ટીમ દ્વારા શહેરા અને મોરવાહડફ સહિત જિલ્લાના અલગ-અલગ તાલુકામાં આવેલી સસ્તા અનાજની દુકાનોમાં આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં સસ્તા અનાજની દુકાનોમાં ઘઉં, ચોખા અને ખાંડ સહિતની વધઘટ તેમજ અન્ય કેટલીક ગેરરીતિઓ સામે આવી હતી.આ તપાસ બાદ ગેરરીતિ કરનાર સામે પુરવઠા વિભાગ દ્વારા જિલ્લાની ૧૪ જેટલી સરકારી સસ્તા અનાજની દુકાનોના પરવાના કાયમી રદ કરી દેવામાં આવી છે. આ સિવાય ૬ જેટલી સસ્તા અનાજની દુકાનના પરવાના ૯૦ દિવસ માટે મોકૂફ કરવામાં આવ્યા છે. આ સિવાય દુકાન સંચાલકોને કુલ ૩૨,૬૧,૫૮૧ રૂપિયાનો દંડ કરતી નોટિસ પણ ફટકારવામાં આવી છે. પંચમહાલમાં થયેલી ઓચિંતી થયેલી કાર્યવાહીના પગલે સસ્તા અનાજની દુકાનદારો સામે કાળા બજારી કરનારાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. નોંધનીય છે કે, પુરવઠા વિભાગ દ્વારા હજુ અનેક જગ્યાએ આવા દરોડા પાડવામાં આવી શકે છે.

### કેમેરાથી કેદ કરી કરવામાં આવશે કાર્યવાહી

# થૂંકબાજોની હવે ખેર નથી સુરતમાં થૂંકવા પર દંડાશો

● સુરત, તા. ૬

સામાન્ય રીતે માનવોમાં ત્રણ પ્રકાર હોય છે. સ્ત્રી, પુરુષ અને ન્યાનતર, પરંતુ એક ચોથો વર્ગ પણ છે. જેને કહેવાય છે થૂંકબાજ. આ વર્ગ એટલો મોટો છે કે, દરેક શહેરમાં, દરેક ગામમાં, દરેક ગલીએ મળી જશે. એક બાજુ સ્વચ્છતામાં સુરતનો નંબર આવ્યો છે. ત્યારે તેને જાળવી રાખવા માટે મહાનગરપાલિકા દ્વારા તહેવાર ટાણે બ્રિજ-રસ્તા, સર્કલો પર કરોડોના ખર્ચે રંગરોગાનની કામગીરી તમામ ઠેકાણે કરાઈ હતી. હવે આ જગ્યાઓ સ્વચ્છ અને સુઘડ રહે તે માટે પાલિકા દ્વારા આકરું વલણ અપનાવવામાં આવી રહ્યું છે. જાહેરમાં થૂંકનાર કે કચરો નાખનાર સામે આકરી કાર્યવાહી કરવા માટે હવે ટેક્નોલોજીનો ઉપયોગ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

હવે થૂંકબાજોની ખેર નથી. થૂંકબાજો હવે થોભી જજો. કારણ કે તમારી આ હરકતને કેમેરામાં કેદ કરીને દંડ વસૂલ કરવા તમારા ઘરે પહોંચી જશે કોર્પોરેશન. સુરત મહાનગરપાલિકાએ આ ઉમદા પહેલ શરૂ કરી છે. સ્વચ્છતા જાળવવાની દિશામાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને એક નવી પહેલ કરી છે. હવે પાનમાં માવો કે ગુટખા ખાઈને થુકવું મોંઘું પડી શકે છે. જાહેરમાં થૂંકીને ન્યૂસન્સ કરનારાઓ સામે કન્ટ્રોલ એન્ડ કમાન્ડ સેન્ટર (ICCC) સેન્ટરના સીસી ટીવીના મોનિટરિંથી ૪૫૦૦ કેમેરા થકી થૂંકબાજોને ઝડપવામાં આવી રહ્યા છે. સીસી ટીવી થકી આવા ૫૨૦૦ લોકો ઝડપાયા છે, જેમને ૯ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.

આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું કે, ૧ એપ્રિલથી થૂંકબાજો સામે કાર્યવાહી કરવા કન્ટ્રોલ એન્ડ કમાન્ડ સેન્ટરમાં વિશેષ ટીમ મુકાઈ હતી. એસઆઈ સહિતની આ ટીમ સરકારી મિલકતોને ગંદી કરનારા લોકોને સીસીટીવી થકી ઝડપી રહી છે. આવા લોકોને તેમના વાહનના નંબર આધારે આરટીઓમાંથી સરનામું મેળવીને ઘરેથી પણ દંડ વસૂલ કરવામાં આવી રહ્યો છે. 'સ્વચ્છ સુંદર સુરત' જે સ્વચ્છતા સર્વેક્ષણમાં પ્રથમ ક્રમે આવ્યું છે ત્યારે શહેરની છબિ બગાડનારા આવા તત્વો સામે વધુ કડક કાર્યવાહી હાથ ધરાશે. આગામી દિવસોમાં એન્ફોર્મેન્ટ વધારાશે તેમજ દંડ પણ બેવડો કરી દેવાશે. પાલિકાએ બ્રિજ, ડિવાઈડરો, સર્કલો, ગાર્ડનો, પે એન્ડ યુઝ સહિતની મિલકતો પર રંગરોગાન કરવા ૪ કરોડથી વધુનો ખર્ચો થયો છે. પરંતુ ખુટખાં-માવા ખાનારા લોકો રંગરોગાનને બગાડી રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે પાલિકાનો આરોગ્ય વિભાગે દંડનો ચાર્જ બમણાથી ત્રણ ગણો કરવાની તૈયારી કરી છે.

### એક્ટ્રેસ રોમા માણેક પણ દર્શન માટે પહોંચ્યા

# ગોવિંદાની ધર્મપત્ની સુનિતા અંબાજી દર્શાનાર્થે પહોંચ્યા

● અંબાજી, તા.૬

બુધવારે લાભ પાંચમ ને લઈ અંબાજીમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. એટલું જ નહિ આમ તો ભાઈ બીજના દિવસે અનેક ફિલ્મ કલાકારો અંબાજી દર્શને આવવાની એક પરંપરા જોવા મળતી હતી, પણ એ પરંપરા તૂટી જતા હવે આ વખતે લાભપાંચમથી નવી પરંપરા શરુ થાય તેવું જોવા મળી રહ્યું છે.

આજે ગુજરાતી ફિલ્મ જગતની એક્ટ્રેસ રોમા માણેક તેમજ હિન્દી ફિલ્મ જગતના મોટા ગજાના કલાકાર કહેવાતા ગોવિંદાની ધર્મપત્ની સુનિતા આજે માતાજીના દર્શાનાર્થે પહોંચ્યા હતા, ત્યાં ચાચરચોકમાં મંદિરના વહીવટદાર ધ્વરા ખેસ પહેરાવી આ બંને કલાકારો ન સન્માન કરાયું હતું. ત્યારબાદ અંબાજી મંદિરમાં માતાજીને નતમસ્તક થઈ માતાજીના આશીર્વાદ મેળવ્યા હતા. જોકે અંબાજીમાં પહોંચેલા ફિલ્મ સ્ટાર ગોવિંદાની ધર્મપત્ની સુનિતાજીએ જણાવ્યું હતું કે મારા દીકરાની ફિલ્મ શરુ થઈ રહી છે અને તે પિક્ચર સુપર હિટ થાય તે માટે પૂજા કરવા આવી છું. સાથે જણાવ્યું હતું કે મારો દિકરો પોતાના પિતા કરતા પણ મોટો એક્ટર બને તેવી કામના કરી હતી અને તેની પિક્ચર સુપર ડુપર થશે. ત્યારે ફરી અંબાજીમાં આવી માતાજીને ધજા ચઢાવવાનો પ્રણ લીધો હતો. જોકે આ પ્રંસગે રોમા માણેકે જણાવ્યું હતું કે આજે લાભપાંચમ છે ને માતાજી તમામ ની મનોકામના પૂર્ણ કરે સૌ નું કલ્યાણ થાય તેવી અપેક્ષા સાથે રોમા માણેક અને ફિલ્મ સ્ટાર ગોવિંદા નિ ધર્મપત્ની સુનિતાજી એ માતાજી ના મંદિર ના શિખરે ધજા પણ ચઢાવી હતી.

### સુરતમાં બે યુવાનો, અમેરલીમાં એક કિશોર ડૂબ્યો

# રાજ્યમાં ડૂબી જવાની ઘટનામાં ત્રણ લોકોના મોત

● સુરત, તા.૬

અમરેલી અને સુરત જિલ્લામાંથી ચોંકાવનારી ઘટના સામે આવી છે. અમરેલીના સાવરકુંડલા અને સુરતના મહુવામાંથી ડૂબી જવાથી મોતના બનાવ સામે આવ્યા છે. સાવરકુંડલાના શેલણા ગામમાં સ્થાનિક તળાવમાં કિશોરના ડૂબી જવાની ઘટના સામે આવી છે. કિશોરના ડૂબવાની જાણ થતાં જ ગામના લોકો એકઠા થઈ ગયાં હતાં અને ફાયરની ટીમનો સંપર્ક કરવામાં આવ્યો હતો. જોકે, ફાયર વિભાગ તેને બહાર કાઢે ત્યાં સુધીમાં યુવકનું મૃત્યુ થઈ ચુક્યું હતું. બીજી બાજુ સુરતમાં નદીમાં ન્હાવા ગયેલા બે મિત્રોનું ડૂબી જવાથી મોત થયું છે. સાવરકુંડલાના શેલણા ગામમાં લગભગ ત્રણ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. સાવરકુંડલાના ઠવી ગામના આ યુવકની ઓળખ વિક્રમ જયસુખ કુકાવા તરીકે ઓળખ થઈ છે. યુવક પોતાના ફોઈના ઘરે શેલણા ગામે આવ્યો હતો. જ્યાં લગભગ ત્રણ વાગ્યાની આસપાસ બે-ત્રણ બાળકો ન્હાવા માટે પડ્યા હતાં. તે દરમિયાન આ કિશોર લપસીને તળાવમાં પડી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક તરવૈયાઓ સહિત મોટી સંખ્યામાં લોકો તળાવે પહોંચી ગયા હતાં. જોકે, એકાદ કલાકની મહેનત છતાં કિશોર ન મળતાં તાત્કાલિક અમરેલી ફાયર વિભાગની ટીમને સંપર્ક કરવામાં આવ્યો હતો. ફાયર વિભાગની ટીમની એક કલાકની મહેનત બાદ કિશોરના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો હતો. બાદમાં તેને નજીકની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.


## VEHICLE FOR SALE

| VEHICLE NOS. | MAKE | MODEL |
|---|---|---|
| GJ-06-BV-6653 | LEYLAND DOST PLUS | 2023 |
| GJ-06-BV-7299 | TATA ACE GOLD | 2021 |
| GJ-06-AZ-8274 | VE CV EICHER 10.80 | 2019 |
| GJ-06-BX-8586 | VE CV EICHER PRO 2110 | 2023 |
| GJ-17-XX-3491 | VE CV EICHER PRO 3018 | 2023 |
| UN-REGISTERED | MAHINDRA 475 DI YUVO | 2023 |

SUNDARAM FINANCE LIMITED
Sundaram Finance, 3rd floor, Pelican Building Race Course, Vadodara


### લોભિયા હોય ત્યાં ધુતારા ભુખે ના મરે

# ઉંચા વ્યાજની લાલચમાં લોકોએ કરોડો ગુમાવ્યા

નવસારી, તા.૬

લોભિયા હોય ત્યાં ધુતારા ભુખે મરતા નથી, આ કહેવત નવસારીના ચીખલીમાં સાચી ઠરી છે. ઉંચા વ્યાજની લાલચે અલગ અલગ સ્કીમોમાં કરોડો રૂપિયાનું રોકાણ કરાવી ચીખલીના સમર ગ્રુપે ૨.૯૪ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી. લોકોને લોહીના આંસુ રડાવનારા પાંચ આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ થતા પોલીસે ત્રણને ઝડપી પાડી જેલના સળિયા ગણતા કરી દીધા છે.

નવસારીમાં ઊંચા વ્યાજે રોકાણ કરાવી કરોડોની છેતરપિંડીના અનેક ગુનાઓ સામે આવ્યા છે. તેમ છતાં ઠગભગતો લાલચુ લોકોની નસ પકડી ગયા હોય એમ અલગ અલગ નામે કંપની બનાવી એનું રજીસ્ટ્રેશન કરાવ્યા વિના જ કરોડો રૂપિયા ઉસેટી લેતા હોય છે. નવસારીના ચીખલીમાં વર્ષ ૨૦૧૯ માં ચીખલીના સાગર રાઠોડ, તેની પત્ની ચૈતાલી રાઠોડ, ભાઈ વિશાલ રાઠોડ તેમજ નવસારીના મીરલ પટેલ આ ચાર લોકોએ સમર ગ્રુપ નામની કંપની બનાવી લોકોને અલગ અલગ સ્કીમોમાં ૭૫ થી ૯૫ ટકા સુધીનું ઊંચું વ્યાજ આપવાની લાલચ આપીને રોકાણ મેળવ્યું હતું. ત્રણ વર્ષમાં સમર ગ્રુપ દ્વારા ચીખલીમાં કાર્યાલય ખોલી અનિલકુમાર રાઠોડને કર્મચારી તરીકે રાખી, ચીખલીથી ઉમરગામ સુધી એજન્ટો બનાવી અંદાજે ૧૨ કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી કરી હોવાની ચર્ચાઓ હતી. જેમાં ૧૦૦ થી વધુ લોકોને દિવસમાં ચાંદ તારા બતાવીને ફરાર થઈ ચૂકેલા સાગર રાઠોડ અને તેના સાગરીતો સામે થોડા દિવસ અગાઉ ચીખલીના જ જયંતિ સોલંકીએ ચીખલી પોલીસ મથકમાં ફરિયાદ આપતા હરકતમાં આવેલી પોલીસે ૧૦૦ થી વધુ લોકોના નિવેદનો નોંધી ૨.૯૪ કરોડ રૂપિયાની છેતરપિંડી શોધી કાઢી હતી.

પોલીસે તમામના દસ્તાવેજી પુરાવાઓ એકત્ર કરી પાંચેય આરોપીઓ સામે જીપીઆઈડી એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ આરંભી હતી. જેમાં પાંચ આરોપીઓ માંથી વિશાલ રાઠોડ, ચૈતાલી રાઠોડ અને મિરલ પટેલની ધરપકડ કરી હતી. જ્યારે સાગર રાઠોડ અને અનિલ રાઠોડ હજી પણ પોલીસ પકડથી દૂર છે. જેને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

### દિવાળીના કારણે કચરાના પ્રમાણમાં થયો વધારો

# દીવાળીના તહેવારમાં સુરત શહેરમાં કચરામાં વધારો

● સુરત, તા.૬

સુરત શહેર ગુજરાતના સૌથી સ્વચ્છ શહેરની લિસ્ટમાં ટોચ પર હોય છે. ત્યારે સુરત શહેરમાં ૧ નવેમ્બરથી ૪ નવેમ્બર સુધીમાં મનપાના ચોપડે ડોર ટૂ ડોર ગાર્બેજ કલેક્શનમાં ૧૧,૧૧૫ મેટ્રિક ટન કચરો એકત્રિત કર્યાનું નોંધાયુ છે. જેમાં પહેલી નવેમ્બરે ૩૨૪૦ મેટ્રિક ટન અને ત્રીજી નવેમ્બરે ૩૦૮૧ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

૩૧ ઓક્ટોબરે દિવાળીના દિવસે ફટાકડા ફોડી લોકોએ ઉજવણી કરી હતી, જેના કારણે ગાર્બેજ કલેક્શનમાં વધારો નોંધાયો હતો. આ સિવાય સુરતના શેરી, સોસાયટી, રોડ સહિતના સ્થળ પર ફટાકડાના કાગળનો કચરો ફેલાતા મનપા કર્મચારી દ્વારા સફાઈ કરવામાં આવી હતી. જેના કારણે ૩ નવેમ્બરના દિવસે ૩૦૮૧ મેટ્રિક ટન કચરો એકત્રિત કરવામાં આવ્યો હતો. નોંધનીય છે કે, સામાન્ય રીતે ૨૭૦૦-૨૮૦૦ ટન કચરાનો નિકાલ કરવામાં આવે છે. પરંતુ, દિવાળી પહેલાં લોકો ઘરની સફાઈ કરતાં હોવાના કારણે કચરાની માત્રામાં ઘણો વધારો નોંધાયો હતો.

### સાબરકાંઠામાં હત્યાનો ભયંકર કિસ્સો

# ગળા પર તીક્ષ્ણ હથિયારના ઘા મારી ભત્રીજાએ ફુઆને ઉતાર્યા મોતને ઘાટ

● સાબરકાંઠા, તા.૬

જિલ્લાના વડાલીના પીક અપ સ્ટેન્ડ પર મળેલા મૃતદેહનો ભેદ ઉકેલાઈ ચૂક્યો છે. જેમાં એક જ ગામના એક સાથે કામ કરતા વ્યક્તિએ જ હત્યા કરી હોવાનું ખુલતા પોલીસે આરોપીને ઝડપી લઈ જેલના સળીયા પાછળ ધકેલી દીધો છે. તેમજ આ હત્યામાં અન્ય કોઈ વ્યક્તિનો સહયોગ લેવાયો છે કે નહીં તેની તપાસ શરૂ છે.વડાલીના પીક અપ સ્ટેન્ડની અંદરથી દિવાળીના દિવસે હત્યા કરાયેલ હાલતમાં એક યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. જેના પગલે વડાલી સહિત ઈડર તેમજ હિંમતનગરની એસ.ઓ.જી, એલસીબી સહિત ડોગ સ્ક્વોડની ટીમોએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. જોકે આ દરમિયાન યુવકની નામઠામની શોધખોળ હાથ ધરતા યુવક ખેડબ્રહ્માનો હોવાનું ખુલ્યું હતું.

# ગુજરાતના કબુતરબાજી કૌભાંડમાં વધુ એક આરોપીની ધરપકડ થઈ

● અમદાવાદ, તા.૬

કબૂતરબાજીથી વિદેશ મોકલવાના કૌભાંડમાં ગુજરાત પોલીસની એસએમસીની ટીમે વધુ એક આરોપીની વારાણસીમાંથી ધરપકડ કરી છે. ઉલ્લેખનીય છે કે ઝડપાયેલ આરોપી ૧૦ વર્ષથી કબૂતરબાઝીથી લોકોને વિદેશમાં મોકલતો હતો. વર્ષ ૨૦૨૩ માં અમદાવાદનાં સોલા પોલીસ સ્ટેશનમાં કબુતરબાજીનાં માસ્ટર માઈન્ડ ભરત ઉર્ફે બોબી પટેલ સામે નોંધાયેલા ગુનામાં સ્ટેટ મોનિટરિંગ સેલે વધુ એક આરોપીની ધરપકડ કરી છે. અગાઉ ભરત ઉર્ફે બોબી પટેલની સ્ટેટ મોનિટરિંગ સેલે ધરપકડ કરી હતી, જેની તપાસમાં અનેક એજન્ટોનાં નામ સામે આવ્યા હતા. જેમાંથી એક એજન્ટ પંજક ઉર્ફે પી.કે પટેલ જે મહેસાણાનો રહેવાસી હોય અને લાંબા સમયથી ફરાર હોય તેને પકડવામાં આવ્યો છે. સ્ટેટ મોનિટરિંગ સેલે બાતમીનાં આધારે ઉત્તરપ્રદેશનાં વારાણસી ખાતેથી પકડી પાડયો છે.


**Bharat Parenterals Limited**

Registered Office & Works:
Survey No.: 144-A, Jarod-Samlaya Road, Vill. Haripura,
Ta. Savli, Dist. Vadodara - 391520 (Guj.) India.
Mobile : 99099 28332
E-mail: info@bplindia.in, Web.: www.bplindia.in
CIN NO: L24231GJ1992PLC018237
(WHO-GMP CERTIFIED * STAR EXPORT HOUSE)

## NOTICE OF POSTAL BALLOT

Members are hereby informed that Pursuant to provisions of Section 108 and 110 and other applicable provisions, if any, of the Companies Act, 2013, ("the Act") read with rule 20 and 22 of the Companies (Management and Administration) Rules, 2014, including any statutory modification(s) or re-enactment(s) thereof for the time being in force and in accordance with the guidelines prescribed by the Ministry of Corporate Affairs for conducting postal ballot through e-Voting vide General Circular Nos. 14/2020 dated 8th April 2020, 17/2020 dated 13th April 2020, 22/2020 dated 15th June 2020, 33/2020 dated 28th September 2020, 39/2020 dated 31st December 2020, 10/2021 dated 23rd June 2021 and 20/2021 dated 8th December 2021 , 3/2022 dated 5th May 2022,11/2022 dated 28th December 2022 and 09/2023 dated 25th September, 2023 respectively (collectively termed as "MCA Circulars"), Regulation 44 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 ("Listing Regulations"), Secretarial Standard on General Meetings ("SS – 2") issued by the Institute of Company Secretaries of India and pursuant to all other applicable laws and regulations, if any, it is proposed to seek the consent of the members of Bharat Parenterals Ltd ("the Company") for the proposed business matters appended below by way of Postal Ballot remote electronic voting ("E-voting") Process:-

| Sr.No. | Description of Ordinary Resolution |
|---|---|
| 1 | RE-APPOINTMENT OF MANAGING DIRECTOR MR. BHARATKUMAR R. DESAI |

Pursuant to the provisions of Section 110 of the Act read with the Rules and with the Circulars issued by the MCA, from time to time, your Company has an option to seek the approval of the Members through Postal Ballot (via remote e-voting) for the above-mentioned resolutions, instead of getting the same passed at a General Meeting. Accordingly, if the resolution is approved by the Members through Postal Ballot via remote e-voting, it shall be deemed to have been passed as if the same has been passed at a General Meeting of the Members convened in this regard.
The said notice is also available on the website of the company (https://www.bplindia.in/), the relevant section of the website of BSE Limited (www.bseindia.com). Notice of the Postal Ballot indicating the process and manner of e–voting along with Postal Ballot Form is being sent to the members whose names appear on the Register of Members/List of Beneficial Owners as received from the National Securities Depository Limited ("NSDL") and Central Depository Services (India) Limited ("CDSL") as on Friday, 01st November, 2024 (Cut-off Date). The Postal Ballot Notice is being sent to the Members who have registered their email IDs for receipt of documents in electronic form to their email addresses registered with their Depository Participants/the Company's Registrar and Share Transfer Agent ("RTA").
The Results declared along with the Scrutinizer's Report shall be placed on the Company's website (https://www.bplindia.in/) immediately after the result is declared by the Chairman or any other person authorized by him, and the same shall be communicated to the Stock Exchanges, where the equity shares of the Company are listed.
To support the "Green initiative" members who have not registered their e-mail addresses so far are requested to register their e-mail address with the company's RTA or Depository Participants, in respect of shares held in physical/electronic mode respectively. In accordance with the provisions of the MCA circulars, Members can vote only through e-voting process. The voting rights of the Members shall be reckoned on the basis of the equity shares of the Company held by them as on the Cut-off Date. Any person who is not a shareholder of the Company as on the Cut-off Date shall treat the Postal Ballot Notice for information purposes only.

The Company has engaged the services of National Securities Depository Limited ("NSDL") for the purpose of providing e-voting facility to all its Members. The e-voting facility will be available during the following period:

| Sr.No. | Description | Date and Timing |
|---|---|---|
| 1 | Commencement of e-voting period | Thursday, 7th November, 2024 from 9.00 a.m. (IST) |
| 2 | Conclusion of e-voting period | Friday, 6th December, 2024 5.00 p.m. (IST) |
| 3 | Cut-off date for eligibility to vote | Friday, 01st November, 2024 |

The e-voting facility will be disabled by NSDL immediately after 5.00 p.m. IST on 6th December, 2024.
Members who have not updated their e-mail address are requested to register the same in respect of shares held by them in electronic form with the Depository through their Depository participant and in respect of shares held in physical form by writing to Company's Registrar and Share Transfer Agent, M/s. Adroit Corporate Services Private Limited either by email to rtaclientservice@adroitcorporate.com / info@adroitcorporate.com or by post to 17-20, Jafferbhoy Industrial Estate, Makhwana road, Marol, Andheri East, Mumbai-400059, Maharashtra, Call: 022-42270418.
The Board has appointed M/s. Jigar Trivedi & Co., (ACS 46488 and COP:18483) Practicing Company Secretaries, as the scrutinizer ("Scrutinizer") for conducting the e-voting process in a fair and transparent manner.
In case of any queries, you may refer the Frequently Asked Questions (FAQs) for Shareholders and e-voting user manual for Shareholders available at the download section of www.evoting.nsdl.com or call: 022 - 4886 7000 and 022 - 2499 7000 or send a request at evoting@nsdl.com.
The Scrutinizer will submit his report to the Chairman or any other person authorized by the Chairman after the completion of scrutiny of the e-voting, and the result will be announced within 48 hours from the conclusion of e-voting i.e. Friday, 6th December, 2024 5.00 p.m. (IST), and will also be displayed on the Company's website (https://www.bplindia.in/) and on the website of the company and communicated to the stock exchanges and on NSDL's website:www.evoting.nsdl.com.
In case of any queries, you may refer the Frequently Asked Questions (FAQs) for Shareholders and e-voting user manual for Shareholders available at the download section of www.evoting.nsdl.com or call on toll free no.: 1800 1020 990 and 1800 22 44 30 or send a request to Mr. Sachin Kareliya at evoting@nsdl.co.in.

Place : Vadodara
Date : 06th November, 2024

By order of the Board
For Bharat Parenterals Limited
Sd/-
BHARATKUMAR R. DESAI

**बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda**

**Sachin Branch :** Shop No. 6 & 7, Swastik Plaza, Surat - Navsari Road, Tal. Choryasi, Sachin - 394230, Dist - Surat. **Tel No.** 0261-2392229.

## GOLD AUCTION SALE NOTICE : AUCTION DATE : 10.12.2024

The under mentioned persons are hereby informed that they have failed to pay off the liability in the loan accounts. Notices sent to them by Registered Post have been returned undelivered to the Bank. They are therefore requested to pay off the liability and other charges and redeem the pledged securities **on or before 09.12.2024** failing which the said securities will be sold by the Bank in public auction at the cost of the borrower at the Bank's premises at **3.00 P.M on 10.12.2024** or on any other convenient date thereafter without further notice at the absolute discretion of the Bank.

| No | Date of Loan | Loan Account No. | Name and Address of the Borrower |
|---|---|---|---|
| 1. | 25.08.2023 | 02770600005189 | **Nikitaben Rameshchandra Amriwala** 544, Snehmilan Society, Nr. Nagarpalika, GHB, Kanakapur, Sachin, Surat, Gujarat - 394230. |
| 2. | 04.10.2023 | 02770600005339 | |

**Date : 07.11.2024, Place : Surat** **Authorised Officer, Bank of Baroda**

---

**Aditya Birla Finance Ltd.**

ADITYA BIRLA CAPITAL FINANCE

Regd Office: Indian Rayon Compound, Veraval, Gujarat - 362 266 | (T) +91 22 43567100 | (Toll free) 1800 270 7000 | CIN: U65990GJ1991PLC064603 | https://finance.adityabirlacapital.com

## NOTICE

Notice is hereby given that w.e.f 31st January, 2025, **Aditya Birla Finance Limited, Ajwa Road Branch** shall permanently close the following premises.

**Closing Premises Address:**
2nd Floor-SR-03,
Siddheshwar Hallmark,
Old Pancham Party Plot,
Ajwa Main Road, Vadodara,
Gujarat - 390 019

**For Aditya Birla Finance Ltd.**
**Sd/-**
Authorized Signatory

Place : Ajwa Road
DOP : 7th November, 2024

---

# CMS FINVEST LIMITED

**CIN : L67120WB1991PLC052782**
**Regd Office :** 10, Princep Street, 2nd Floor, Kolkata - 700072
E : cmsfinvestltd@gmail.com, W : www.cmsinfotech.co.in
Phone : 91-33-4002 2880, Fax : 91-33-2237 9053

**EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER & HALF YEAR ENDED 30TH SEPTEMBER, 2024** (Rs. In Lacs)

| Sl. No. | Particulars | Quarter Ended 30.09.2024 (Unaudited) | Quarter Ended 30.06.2024 (Unaudited) | Quarter Ended 30.09.2023 (Unaudited) | Half Year Ended 30.09.2024 (Unaudited) |
|---|---|---|---|---|---|
| 1 | Total Income from Operations | 1.87 | 15.97 | 16.50 | 17.84 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items #) | (2.24) | 12.14 | 14.45 | 9.90 |
| 3 | Net Profit / (Loss) for the period before tax(after Exceptional and/or Extraordinary items #) | (2.24) | 12.14 | 14.45 | 9.90 |
| 4 | Net Profit / (Loss) for the period after tax(after Exceptional and/or Extraordinary items #) | (2.24) | 12.14 | 14.45 | 9.90 |
| 5 | Total Comprehensive Income for the period[Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 9.45 | 12.14 | 13.46 | 21.59 |
| 6 | Equity Share Capital | 1399.59 | 1399.59 | 1399.59 | 1399.59 |
| 7 | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet ofthe previous year | | | | |
| 8 | Earnings Per Share (of Rs.10/- each) (forcontinuing and discontinued operations) | | | | |
| | 1. Basic: | 0.01 | 0.09 | 0.10 | 0.02 |
| | 2. Diluted: | 0.01 | 0.09 | 0.10 | 0.02 |

**Note :** a) The above is an extract of the detailed format of Quarterly/Annual Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly/Annual Financial Results are available on the Stock Exchange website i.e. www.cse-india.com and on the Company's website: www.cmsinfotech.co.in. b) The impact on net profit / loss, total comprehensive income or any other relevant financial item(s) due to change(s) in accounting policies shall be disclosed by means of a footnote. c) # - Exceptional and/or Extraordinary items adjusted in the Statement of Profit and Loss in accordance with Ind-AS Rules /AS Rules, whichever is applicable.

By order of the Board
For **CMS FINVEST LIMITED**
Sd/- **Surendra Kumar Jain,** Managing Director
